

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

99789-26251

### સલામી સવારની..

*સભ્યોની ખરીદી પાછળ નાણાંનો મદ હોય છે,*
*કાળાં કામોની છત્રછાયા પાછળ પદ હોય છે*
*કદ પ્રમાણે થાય છે બળ કામ, ને મૂલ્યો રદ -*
*બેશર્મ, નાગાઈને નફટાઈની હદ હોય છે*
*(કર્ણાટક, સભ્યો કેદ ન હોય તો -*
*સરકારી અમારી હોત - અમિત શાહ)*

### હાઈકુ

*ઘરે 'કોડી'ના*
*વિદેશે થાય વા-વા,*
*મ્હોરાંની માયા !*

*મૂકે જે લાજ,*
*સૌથી મોટું સુખ, ને*
*ભોગવે રાજ!!*

### ચિંતન

*ધિગ્જીવિતં શાસ્ત્રકલોજ્ઝિતસ્ય, ધિગ્જીવિતં ચોધમવર્જિતસ્ય ।*
*ધિગ્જીવિતં વ્યર્થમનોરથસ્ય, ધિગ્જીવત્તં જ્ઞાતિપરાજિતસ્ય ॥*

ઉપરોક્ત શ્લોક જ્ઞાનસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જેને શાસ્ત્ર કે કલાની આવડત નથી, તેના જીવનને ધિક્કાર છે, જે ઉદ્યમ કરતો નથી, તેના જીવન ને ધિક્કાર છે, જેના મનોરથો નિષ્ફળ રહ્યા હોય તેના જીવનને ધિક્કાર છે તેમજ જેનો જ્ઞાતિજનોથી પરાજય થયો હોય, તેના જીવનને ધિક્કાર છે.

જેના જીવનમાં કલા-સાહિત્ય, ઉદ્યમ-પ્રવૃત્તિ, લક્ષ્ય - જીવનહેતુ કે સિદ્ધાંત નથી જે સમાજ દ્વારા તરછોડયેલો હોય એવા માનવી ધિક્કારને પાત્ર છે.

### સુવિચાર

- તારું શરીર તારું નથી, તો તારું ધન તારું છે એવું તું કેવી રીતે કહી શકે ? - **બુદ્ધ**
- જે સત્યની ખાતર દુઃખ વેઠે છે તે ધન્ય છે, ઈશ્વરનું રાજય તેનું છે - **ઈશુ ખ્રિસ્તી**
- સંપ્રદાયોના જાળા ઝાંખરા એવા ગીચ ઊગ્યા છે કે એની પાછળ ઈશ્વર ઢંકાઈ ગયો છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- જીવન આવું છે તે બતાવવા માટે પ્રભુએ સર્જેલું જીવન તે 'નદી' - **એસ. ભટ્ટાચાર્ય**
- આપણી જરૂરિયાતો જેટલી ઘટે એટલા આપણે નિર્ભય થઈએ છીએ - **રવિશંકર મહારાજ**
- પરાજય જૂઠાને પોતાતો નથી, સાચાને પોસાય છે - **રવિન્દ્રનાથ ટાગોર**
- આજનું ઔષધ : કાળી દ્રાક્ષના રસમાં બે ચમચી મધ મિક્સ કરી પીવાથી રક્તવૃદ્ધિ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

અન્યાય સામે પ્રતિકાર કરવાથી જ પરિવર્તન આવી શકે છે.

ડિસેમ્બર, ૧૮૯૫ની વાત છે. અમેરિકામાં રંગભેગની આગ સળગી રહી હતી. સરકારી નીતિઓ, સરકારી કાયદાઓ પર ગોરા લોકોની તરફેણમાં જ હતા. અમેરિકામાં તો બસમાં પણ શ્વેત લોકોની સાથે કાળા લોકોને બેસવાની મનાઈ હતી. બસમાં પણ બરાબર વચ્ચે એક વિભાજન રેખા દોરાયેલી રખાતી હતી.

ગોરા લોકો ડ્રાઈવરની બાજુમાં જ બેસી શકતા હતા. તેમની નક્કી કરેલી જગ્યા પછી જ કાળા લોકો બેસી કે ઊભા રહી શકતા. એક વાર રોઝા નામની મહિલા બસમાં અશ્વેતો માટે નક્કી કરાયેલી જગ્યામાં આગળની હરોળમાં બેઠી હતી. ગોરા લોકો માટે આગળની તરફનો બસનો ભાગ સંપૂર્ણ ભરાઈ ચૂક્યો હતો. એવા સંજોગોમાં એક ગોરો માણસ બસમાં ચડ્યો એટલે ડ્રાઈવરે રોઝા બેઠી હતી તે આખી લાઈન ગોરાઓ માટે ખાલી કરવા હુકમ કર્યો. બીજા અશ્વેત મુસાફરો ગોરાઓ માટે જગ્યા છોડી દીધી. પણ રોઝાએ આવો અપમાનજનક આદેશ માનવાનો ઈન્કાર કરી દીધો. અને કહ્યું, 'હું આવું અમાનવીય વર્તન સહન નહીં કરું.'

ડ્રાઈવરનો આદેશનું પાલન નહીં કરવા બદલ તેને દસ ડૉલરનો દંડ કર્યો. જે એ સમય પ્રમાણે ખૂબ મોટી રકમ હતી. આ ઘટનાથી અશ્વેત સમુદાયમાં ખૂબ રોષ ફેલાયો. તેમના અહિંસાત્મક આંદોલનનું નેતૃત્વ માર્ટીન લ્યુથર કિંગ જૂનિયરે કર્યું. ઘણો સંઘર્ષ ખેલાયો આખરે તેમાં સફળતા મળી. અને અમેરિકાના અશ્વેતોને પણ શ્વેત લોકોની સમકક્ષ અધિકારો અપાયા.

રોઝા પાર્કને અમેરિકાના નાગરિક અધિકારોના સંઘર્ષમાં પ્રથમ મહિલા કહેવામાં આવે છે. તેમના આ વિરોધને કારણે તેમનું નામ માનવ ઈતિહાસમાં અમર થઈ ગયું.

# વિનોદભાઈની અલવિદા

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતી સમાજ અને સાહિત્ય સાથે જીવંત રીતે સંકળાયેલ જૂજ સાહિત્યકારોમાં વિનોદ ભટ્ટ મોખરે હતા. એમના નામ પર સભાગૃહો છલકાતાં અને એમની કટારની કદાચ સૌથી વધુ બે ચાર લોકપ્રિય કટારોમાં ગણના કરવી પડે એવી મનોરંજક છતાં અર્થસભર રહેતી હતી. વિનોદ ભટ્ટની વિદાય ઉંમરની રૂએ બહુ વહેલી ન ગણાય પરંતુ ગુજરાતના વાચક સમુદાય માટે એ કયારેય ન પુરાઈ શકે એવી ખોટ પુરવાર થવાની છે. જયોતીન્દ્ર દવે અને બકુલ ત્રિપાઠી સાથે પાટલો માંડી એમણે ગુજરાતની સ્ટ્રેસ અનુભવતી પ્રજાને જીવનની અંતિમ ક્ષણ સુધી હસાવી - રાજી રાખી. એમણે વારંવાર મૃત્યુને થાપ આપી હતી પરંતુ પત્ની નલિનીબહેનની વિદાય પછી એ એકલતા અનુભવતા હતા. કિડની બગડી હોવાથી ખબર હોવા છતાં અને તજજ્ઞ તબીબો ઉપરાંત વરિષ્ઠ સાહિત્યકારોની વિનંતી છતાં એમને ડાયાલિસીસ કરાવી જિંદગી લંબાવવાનો વિકલ્પ ન સ્વીકાર્યો. એ દૃષ્ટિએ વિનોદ ભટ્ટે સામે ચાલીનો મૃત્યુનો પ્રેમપૂર્વક આવકાર્યું જ ગણાય. એમની વિદાય વેળાએ વાજાં વગડાવીનો એમના પરિવારજનોએ પણ એમનું સુયોગ્ય તર્પણ કર્યું. એમનો દેહદાન કરીનો માનવીના શરીરનો શ્રેષ્ઠ સદુપયોગ મૃત્યુ પછી થઈ શકે એવો દાખળો બેસાડ્યો છે. આવા પ્રતિષ્ઠિત અને લોકપ્રિય સર્જક દ્વારા અપાયેલો આ મૂક સંદેશ ઘણા બધા માટે પ્રેરક બની રહેશે. જેમ પ્રેમાનંદ માટે કહેવાયું હતું એમ વિનોદ ભટ્ટ વિશે કહી શકાય કે એમના પેંગડામાં પગ ઘાલનારો હાસ્યલેખક પાકે ત્યારે પાક્યો જાણવો. જયોતીન્દ્ર દવેની ખોટ વિનોદ ભટ્ટે પૂરી હતી તે પણ વિનોદ ભટ્ટની ખોટ પૂરે એવી કોઈ કલમ હાલ તો દેખાતી નથી. એવું નથી કે ગુજરાતી સાહિત્યમાં હાસ્યલેખનનો દુકાળ પડ્યો છે. રતિલાલ બોરીસાગરનું મરક મરક હાસ્ય કે અશોક દવેનું બૌદ્ધિક હાસ્ય, નિરંજન ત્રિવેદી અને મનુશેખચિલ્લીનું તીખું હાસ્ય આપણને ઉપલબ્ધ છે. પરંતુ વિનોદ ભટ્ટની વિદાય સાથે ગુજરાતી સાહિત્યની વરિષ્ઠ પેઢીનાં કેટકેટલાં નક્ષત્રો અસ્ત થઈ ગયાં! લાભશંકર ઠાકર, ચિનુ મોદી, નિરંજન ભગત, જલન માતરી, ઉજમશી પરમાર, નાનુભાઈ નાયક, સુભાષ શાહ.... આ બધાની વિદાય પછી હવે જેમને મૂર્ધન્ય કહેવા પડે એવાં જૂજ નામ બચે છે. ગુણવંત શાહ અને ભગવતીકુમાર શર્મા પણ લાંબા સમયથી માંદા છે. ઈશ્વર તેમને લાંબુ આયુષ્ય આપે !

ગુજરાતીના ગરવા સર્જકોની વિદાયથી સ્વાભાવિક રીતો જ આપણી ભાષાના ભવિષ્યની ચિંતા જાગે છે...

# ચંપારણને બાંય પકડનાર કોઈ હરિનો લાલ ગાંધી રૂપે મળ્યો



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

ચંપારણ સત્યાગ્રહનું ૧૦૧નું વર્ષ આપણે આ કોલમના માધ્યમથી છેલ્લા ૬ અઠવાડિયાથી જોઈ રહ્યા છીએ, ઉજવી રહ્યા છીએ. ગરીબ-રાંક ખેડૂતોના નીલવરો દ્વારા થતા શોષણ સામેનો ગાંધીજીના નીલવરો દ્વારા થતા શોષણ સામે ગાંધીજીનો આ પહેલો સત્યાગ્રહ સમગ્ર વિશ્વ માટે અહિંસક લડતનો પથદર્શક બન્યો હતો. ગાંધીજી સમક્ષ તો બિહારના ચંપારણ ક્ષેત્રના ખેડૂતોને થતા અન્યાય અને અમાનુષી અત્યાચારની 'રાવ' થઈ હતી પરંતુ ગાંધીજીએ માત્ર આ સમસ્યા જ નહીં પરંતુ બીજી અનેક બાબતો જેવી કે બિહારના ધનિક વર્ગના - ભદ્ર ગણાતા લોકો દ્વારા ગરીબો પાસેથી લેવાતી સેવા, અશિક્ષણ કે અલ્પશિક્ષણ અને સૌથઈ વધુ તો શાસનનો ડર વગેરે સમસ્યાઓ જોઈ. કાર્લ માર્ક્સના 'Have' અને 'Have, note' વાળી સમાજની તવંગર - ગરીબની મોટી ખાઈને નિષ્ઠાપૂર્વકા પ્રયાસો દ્વારા બુરી દેવાનો પ્રયત્ન તેમણે આદર્યો હતો. એ રીતે ચંપારણની લડાઈ પ્રતીકાત્મક દૃષ્ટિએ ખેડૂતોના માટે નીલવરોની સામે હતી. પણ વિશાળ દૃષ્ટિથી જોઈએ તો લડાઈ માત્ર ગળીની ખેતી કરતા નીલવરો સામે જ નહીં પણ અહિંસા અને સત્યના માર્ગે સદીઓ જુની કે પરંપરાઓ ખોટી હતી તેને દૂર કરવાના પ્રયાસો સાથે સમાજને માત્ર લખતા વાંચતા કરીને શિક્ષિત બનાવવામાં નહીં પણ સાચા અર્થમાં સુશિક્ષિત બનાવવાના પ્રયાસો પણ ગાંધીએ કશું જ બોલ્યા વગર શરૂ કરી દીધા હતા. ગુલામ ભારતમાં ગાંધીએ બહુ મોટું કામ કર્યું હતું. 'શાસકનો ડર ગરીબોના મનમાંથી કાઢી નાંખવાનું.' નિર્ભય બનાવવાનું શીખવાડ્યું હતું.

સાવ અબુધ બિહારી ખેડૂત રાજકુમાર શુક્લની સતત 'ચંપારણ આવો' ની માગણી પછી ગાંધી બિહાર પહોંચ્યા

**ગુજરાત વિદ્યાપીઠની સ્થાપનામાં ગાંધીની 'ધૂડી નિશાળ'નો પ્રયોગ છે**

હતા. અને ધાર્યા કરતા વધુ મુશ્કેલ સ્થિતિનો અંદાજ તેમને આવી ગયો હતો. અંગ્રેજ કલેકટરે પણ તેમને ચંપારણ છોડી જવાનો હુકમ કર્યો હતો પરંતુ ગાંધીજીએ કોર્ટમાં જ સવિનય કાનૂન ભંગ કરીને ધરપકડ ભલે થાય ચંપારણ નહીં છોડું એવી રજૂઆત કરી હતી. જો કે અંગ્રેજ ગર્વનરે ચંપારણ છોડવાનો આદેશ રદ કરી દીધો હતો. એટલું જ નહીં જાત તપાસની છૂટ પણ તેમને આપવામાં આવી.

ગાંધીજીના વર્તન-વ્યવહાર અને કાર્યશૈલીએ આખા ચંપારણમાં વિશ્વાસ સંચાર કરી દીધો હતો. સમસ્યાની તપાસ માટે તેઓ જયારે પહેલીવહેલી વાર મોતીદારીથી બેતિયા જવા નીકળ્યા ત્યારે જેમણે ગાંધીજીનું કયારેય નામ પણ સાંભળેલું નહીં - કામની પણ કશી ખબર નહીં એવા હજારો લોકો સ્ટેશને ઉમટી પડ્યા હતા. આ ગ્રામજનોને એટલી જ ખબર હતી કે 'આપણી બાંય પકડનાર કોઈ હરિનો લાલ આવ્યો છે.' (મોહનમાંથી મહાત્મા, રા.ના. પાઠક, ૧૦૩, 'ગાંધી મહારાજ' ને પગલે પગલે - પૃષ્ઠ : ૨૩૩, નવજીવન પ્રકાશન)

ગાંધીજી, બ્રજકિશોર બાબુ, રાજેન્દ્ર બાબુ અને ગોરા અમલદારો સાથે ગાંધી ચંપારણના ગામડે ગામડે ગ્રામજનોની આપવીતી સાંભળવા જતા હતા.નીલવરોના ભયંકર અત્યાચારની વાત કરતા ગ્રામજનો રડી પડતા હતા. નીલવરો પરાણે વેઠે ઉપાડી જાય, બૈરાં છોકરાં પાસે ગુલામની માફ કામ કરાવે. ખળામાંથી માલ ઉપાડી જાય, નીલવરોના પગી, પહેરેગીર અને મુકાદમો ચાબખાના માર મારે. આવી કરુણ હકીકતો શોષિતો તરફથી રજૂ થવા માંડી. એક સાધારણ પોલીસને જોતા જ પોતાના ઝૂંપડામાં પેસી જનારો લોકો ગોરા મેજિસ્ટ્રેટ અને અમલદારોની ફોજની હાજરીમાં પોતાની કથની બેધડક પણે કહેવા લાગ્યા. ગાંધીની હાજરીએ ગ્રામજનોની સદીઓ જૂની બંધ હિંમત એક જપળમાં ખોલી આપી. પણ આવી કરુણ દાસ્તાન સાંભળીને ગાંધીજીએ કાળજે ઘા પડ્યો. અંગ્રેજ મેજિસ્ટ્રેટ વિલિસ પણ નીલવરોની બર્બરતાની આંખો દેખી સાંભળીને સાવ મૂંગા બની ગયા. આખી ઘટનામાં એક સારી બાબત એ બની કે પ્રજા બેધડક અને હિંમતપૂર્વક પોતાની સાથેના અમાનુષી અત્યાચારની માહિતી રજૂ કરવા માંડ્યા. ગાંધીની હાજરીની એક તાકાતે સદીઓથઈ મૂંગા મોઢે સહન કરતા ગ્રામીણોને અન્યાયની હિંમતપૂર્વક રજૂઆત કરવાની હૈયામાં હામ ભીડી.

બાપુ એક ગામથી બીજી ગામે જતા તપાસ અને અહેવાલ માટે જવા લાગ્યા હતા. બાપુની હાજરીએ વિશ્વાસ સંચાર કર્યો હતો. એક ગામમાં તો ખેડૂતોના ઘર ફરતે પણ ગળી વાવવામાં આવી હતી. ખેડૂતોની આવી ખરાબ હાલત જોઈને બાપુએ અંગ્રેજ અમલદારોને સવાહ કર્યો હતો : 'આનાથી વધારે પુરાવાની જરૂર રહે ખરી ?'

- આમ છતાં એક ગોરો નીલવર ગાંધીજીને કહેવા લાગ્યો. સાહેબ મારા ગામે ચાલો, ત્યાં કોઈને ફરિયાદ નથી. તપાસ ટીમ એ અંગ્રેજ હોસ્ટમની કોઠી પર ગયા.

**અનુસંધાન પાના નં ૭ પર**

# કવિ કાગ વ્યાખ્યાનમાળા : શુભારંભનો આનંદ



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ તથા શ્રી ઝવેરચંદ મેઘાણી કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના સહીયારા પ્રયાસોથી ભક્ત કવિ શ્રી દુલા ભાયા કાગ વ્યાખ્યાનમાળાનો શુભારંભ થયો એ અનેક સાહિત્ય પ્રેમી લોકો માટે આનંદના સમાચાર છે. ઝવેરચંદ મેઘાણી કેન્દ્ર, રાજકોટને કવિ શ્રી દુલા ભાયા કાગ એવોર્ડ ૨૦૧૮ ના વર્ષ માટે આપવામાં આવ્યો છે. પૂજ્ય મોરારીબાપુ પ્રેરીત આ એવોર્ડ દર વર્ષે આપવામાં આવે છે. આ સંદર્ભમાં આ વ્યાખ્યાનમાળાના પ્રથમ મણકામાં ચારણી સાહિત્યના આપણાં ઉજ્વળ વારસા વિશે વાત કરવામાં આવી. યોગાનુયોગ મેઘાણીભાઈ, કવિ કાગ તથા ચારણી સાહિત્યનો સંવાદ એ ત્રિવેણી સંગમ જેવી દર્શનીય ઘટના ગણી શકાય.

જીવનમાં માત્ર અઢી દાયકા જેટલોજ સમય સાહિત્ય સર્જન માટે કાળ દેવતાએ ઝવેરચંદ મેઘાણીને આપ્યો. પરંતુ આ અઢી દાયકામાં આ સમર્થ સર્જક તથા સંશોધક એક યુગકાર્ય કરીને ગયા. લોકસાહિત્યના ધૂળધોયા તરીકે મેઘાણીની સ્મૃતિ અમર રહેવાની છે. આજ રીતે મેઘાણીભાઈના મિત્ર કવિ દુલા ભાયા કાગ પણ પોતાની અનેક રચનાઓના માધ્યમથી સૌરાષ્ટ્ર – કચ્છના ગામે ગામ સુધી વિસ્તરીને રહ્યા છે. આજે પણ અનેક ગામોમાં ભાંગતી રાતે ભજનના સુર-શબ્દ સંભળાય છે તેમાં કવિ કાગની અનેક અમર રચનાઓ સાંભળવા મળે છે. ''પગ મને ધોવા ધ્યો રઘુરાય જી'' જેવી રચના જાણે લોક રામાયણનો એક ભાગ બની ગઈ છે. નગરોના મંચ ઉપરથી પણ લોકસાહિત્યના આરાધકો ભગતબાપુ (કવિ કાગ)ની અનેક રચનાઓ રજૂ કરે છે. વિશાળ લોક સમુદાયમાં ભગતબાપુની રચનાઓ સુપેરે ઝીલાય છે.

મેઘાણીભાઈએ જીવતરના અનેક ઉતાર – ચઢાવ જોયા. આસપાસના જગતને ઝીણી નજરે જોયું તથા તેની ઊંડી અનુભૂતિ કરી. એક તરફ બીડીઓ વાળનાર શ્રમિક મહિલાની વેદના અને બીજી તરફ માતા ઝીઝાબાઈના શૌર્યતાથી છલોછલ હાલરડાની તેઓએ અનુભૂતિ કરી અને ત્યારબાદ તેના ભાવ આપણાં સુધી પહોંચાડ્યા. યુવાનોના મનોભાવ પણ મેઘાણી કુશળતાથી ઝીલી શક્યા અને અનેક કાવ્ય કણિકાઓમાં કંડારી શક્યા. આ તમામ સાહિત્ય સર્જન ઉપરાંત ગુરુદેવ ટાગોરની રચનાઓ મેઘાણી આપણી ભાષામાં લાવ્યા તથા આ રચનાઓ પણ ખૂબજ લોકભોગ્ય બની.

ગુરુદેવના બંગાળી ભાષામાં સર્જાયેલા કાવ્યોને જતનપૂર્વક આપણી ભાષામાં ઉતારવાનું ખરા અર્થમાં ભગીરથ કાર્ય મેઘાણીભાઈએ કર્યું. શ્રી ભોળાભાઈ પટેલના મત પ્રમાણે મેઘાણીના ''રવીન્દ્ર વીણા'' ના અનુવાદો કવિશ્વર ટાગોરના કાવ્યોના ગુજરાતીમાં થયેલા અનુવાદોમાં સૌથી વધારે લોકપ્રિય થયા છે. લોકની નાડ પારખનાર આ લોક કવિએ ભાવાનુવાદનું આ ગંગા-અવતરણ જેવું કાર્ય પણ ખરી ખૂબી અને ખંતથી કર્યું !

પ્રકૃતિ તથા મનુષ્યની વિચ્છેદ ન કરી શકાય તેવી આકર્ષક તથા અનિવાર્ય એકતા એ ગુરુદેવની ઘણી બધી રચનાઓના પાયામાં રહેલી વાત છે. અહીં પાંચાળની પવિત્ર ધરતીમાં ચોટીલા ડુંગરની રમણિય તળેટીમાં જન્મ લેનાર કવિ મેઘાણીએ કુદરતની રમ્યતા અને ભયાનકતા બન્ને નાનપણથીજ નિહાળ્યા છે. આથીજ આપણાં આ લોકકવિને પોતાના 'Moutain spirit' નો સતત અનુભવ થયા કરે છે. જેમ રવીન્દ્રનાથની વાણી એ 'સાર્વભોમ હૃદયવાણી' હતી તેમજ મેઘાણી પણ સમાજ જીવનના જટીલ તાણાવાણામાં ગૂંથાઈને પ્રત્યેક વ્યક્તિના ભાવ જગત સુધી પહોંચ્યા હતા. આથી ટાગોરના કાવ્યોની સુંદરતાનું ભવ્ય ઉતરાણ કરાવવા માટે આપણાં આ લોકકવિએ પૂરી સજ્જતા પ્રાપ્ત કરી હતી. કલકત્તાની એલ્યુમિનિયમની કંપનીમાં કામ કરતા કરતા કલકત્તાની બજારોમાં સાઈનબોર્ડ વાંચી વાંચીને આપણાં કવિ બંગાળીનો પરિચય મેળવવા લાગ્યા. બંગાળી ભાષામાં ભજવાતા નાટકો તથા બ્રહ્મો સમાજની બેઠકોમાં હાજર રહીને તેઓ બંગાળી ભાષાની ખૂબી, તેનું સૌંદર્ય સમજતા થયા. કલકત્તાનું આ ત્રણેક વર્ષનું રોકાણ વિધિની કોઈ ચોક્કસ યોજના મુજબનુંજ હશે. એમ ન હોત તો આ મહાકવિ ટાગોરની રચનાઓનો સુંદરતમ આસ્વાદ આપણાં સુધી કેવી રીતે પહોંચ શકત ? કાલિદાસ, ભવભૂતિ અને જયદેવ જેવા મહાકવિઓની હરોળમાં બેસી શકે તેવા ગુરુદેવ ટાગોરના કાવ્યોને આપણી ભાષામાં લાવવાનું કાર્ય એ કદાચ મેઘાણીભાઈના અનેક ઉત્તમ કાર્યો પૈકીનું એક અગ્રજ કાર્ય છે. શાંતિનિકેતનથી મેઘાણીભાઈના સ્નેહી દલપતભાઈ કોઠારીએ ''સંચયિતા'' નામનો કવિવરનો કાવ્ય સંગ્રહ તેમને મોકલ્યો તે દિવસથીજ આ કાવ્યોને પોતાની માતૃભાષામાં લઈ જવાનો સંકલ્પ મેઘાણીભાઈએ કરી લીધો ! ઉપરાંત ''સંચયિતા'' માં જેનો સંગ્રહ થયો છે તે રચનાઓને ગુરુદેવે જાતે પણ પ્રમાણિત કરેલી છે. ''સંચયિતા'' નું પરિશીલન કવિએ કર્યું તેનું જ્વલંત પરિણામ પણ જોવા મળ્યું. પરભોમની આ કૃતિઓનું સુયોગ્ય અવતરણ એ એક પડકારરૂપ કાર્ય હતું. મેઘાણીભાઈ લખે છે કે આ અનુવાદિત રચનાઓ વાંચનારને પરકીયતાનો ભાવ પેદા નહિ થાય. કારણ કે તેની મૂળ કૃતિઓને આત્મસાત કર્યા પછીજ તેમણે નવલો અવતાર ધારણ કરેલો છે. મૂળ રચનાઓની સર્વજનગ્રાહિતા જાણે કે આબેહૂબ અનુવાદિત રચનાઓમાં પણ ઉતરી છે. ટૂંકા આયખામાં આ વિરાટ પગલું માંડીને મેઘાણીએ સમાજને સદા-સર્વદા માટે ઋણી બનાવ્યો છે. આથીજ પ્રાધ્યાપક દાવરે આ અનુવાદિત રચનાઓને 'ટ્રાન્સલેશન' નહિ પણ 'ટ્રાન્સફ્યુઝન' કહી છે. અસલ કૃતિને હૈયામાં એકાકાર કરીને સર્જન કરેલ આ નવી કૃતિઓ છે. આ કૃતિઓની પોતાના કાવ્યત્વની એક આગવી તથા સ્વતંત્ર છટા છે.

એક તરફ સમર્થ સર્જક ઝવેરચંદ મેઘાણીની અજોડ શૈલી છે. બીજી તરફ કવિ દુલા ભાયા કાગની વાણીનો કુદરતી ઝરણા જેવો પ્રવાહ છે. વ્યાખ્યાનમાળાના આ લાંબા ગાળાના સુઆયોજન થકી આપણાં પોતીકા સાહિત્યની સેવા થશે તેવી લાગણી આ વ્યાખ્યાનમાળાના શુભારંભે થાય તે સ્વાભાવિક છે.

# વિનોદ વ્યાસ 'જટાયુ' લિખિત પુસ્તક 'સેતુ સંવાદિતા'નું વિમોચન થયું



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● ગુજરાતી ભાષાના સમર્થ કવિ, નાટ્યકાર, સાહિત્ય મીમાંસક સિતાંશુ યશશ્ચંદ્રને બિરલા ફાઉન્ડેશન દ્વારા અપાતો ભારતીય ભાષાઓનો મહત્ત્વનો પુરસ્કાર 'સરસ્વતી સન્માન' એમના કાવ્યસંગ્રહ 'વખાર' માટે જાહેર થયો એ બદલ તેઓને ખૂબ ખૂબ અભિનંદન સહ અંતરની શુભકામનાઓ.

● વિવિધ વ્યાખ્યાન શ્રેણીઓ અંતર્ગત યોજાતાં વ્યાખ્યાનોમાં તા. ૨૧મી માર્ચ, ૨૦૧૮ના રોજ 'કલાગુરુ રવિશંકર રાવળ' વિશે અમિત અંબાલાલ, અનિલભાઈ રેલિયા, રમેશભાઈ બાપાલાલ શાહ અને રમણીકલાલ ઝાપડીયાએ વ્યાખ્યાન આપ્યા હતા.

● આનર્ત સંસ્કૃત - સંસ્કૃતિ સ્વાધ્યાય સંસ્થાન, મહેસાણા અને ગુજરાત સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે મહેસાણાની મ્યુનિ. આર્ટ્સ એન્ડ અર્બન સાયન્સ કૉલેજોમાં તા. ૩૦મી માર્ચ, ૨૦૧૮ના રોજ, 'ગુજરાતના પ્રાચ્યવિદ્યા વિશારદો અને પરંપરિત સંસ્કૃત પંડિતોના જીવન અને કવન' વિશે એક પરિસંવાદ યોજાઈ ગયો. સંસ્થાનના અધ્યક્ષ ડૉ. મણિભાઈ પ્રજાપતિએ વિષયની રૂપરેખા સ્પષ્ટ કરી હતી. જયારે ડૉ. ગૌતમભાઈ પટેલે, ડૉ. નરેન્દ્રકુમાર પંડ્યા તથા ડૉ. અમૃતલાલ ભોગાયતાએ સારસ્વત - વ્યાખ્યાનો રજૂ કર્યા હતા. વિજયનગર કૉલેજના ડૉ. રમેશભાઈ પટેલના બે પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

● ૧૯૮૦ના દાયકામાં વિદેશની ધિકતી પ્રેક્ટિસ છોડીને ભારત આવીને અમદાવાદમાં કિડની ઈન્સ્ટિટયૂટનો પાયો નાખનાર પદ્મશ્રી ડૉ. એચ.એલ. ત્રિવેદીની આત્મકથા 'પુરુષાર્થ પોતાનો : પ્રસાદ પ્રભુનો' પુસ્તકનું વિમોચન તા. ૨૦મી મે, ૨૦૧૮ના રોજ ભાવનગર યશવંતરાય નાટ્યગૃહ ખાતે થયું. આ કાર્યક્રમમાં સદ્ભાવના હોસ્પિટલ ટ્રસ્ટ, વડલી અને કળસારના ડૉ. કનુભાઈ કળસારિયા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. નાદુરસ્ત તબિયતાને કારણે ડૉ. એચ. એલ. પટેલ ઉપસ્થિત ન રહી શકવાથી, તેમના સ્થાને અમદાવાદ કિડની હોસ્પિટલના રેસી. મેડી. ઑફિસર ડૉ. વિરેન ત્રિવેદી કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

● ગુજરાત ઈતિહાસ સંશોધન કેન્દ્રના અધ્યક્ષપદે ખ્યાત ઈતિહાસ સંશોધક અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ, પદ્મશ્રી ડૉ. વિષ્ણુ પંડ્યાની પસંદગી કરવામાં આવી છે, તે બદલ તેઓને ખૂબ ખૂબ અભિનંદન.

● રસીકલાલ છોટાલાલ પરીખ વિશે ત્રિ-દિવસીય વ્યાખ્યાનમાળાનું આયોજન તા. ૨૨ થી ૨૪ માર્ચ, ૨૦૧૮ દરમિયાન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ દિવસે કુમારપાળ દેસાઈ, બીજા દિવસે ડૉ. થોમસ પરમાર તથા છેલ્લા દિવસે મહેશ ચંપકલાલે રસિકલાલના વિવિધ પાસાઓની વિગતે છણાવટ કરતાં વકતવ્યો આપ્યા હતા.

● અખિલ હિન્દ મહિલા પરિષદ બૃહદ સુરત શાખા ટ્રસ્ટના ઉપક્રમે, સ્મિતા પારેખ સાહિત્ય લેખન સ્પર્ધા - ૨૦૧૮માં વાર્તા, કવિતા અને બાળવાર્તાઓ મોકલવાનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. જેમાં શ્રેષ્ઠ કૃતિને રૂા. પાંચ હજારનું રોકડ પારિતોષિક આપવામાં આવશે. કૃતિનો મહત્તમ શબ્દમર્યાદામાં વાર્તા માટે - ૨૦૦૦ શબ્દો, કવિતા માટે - વધુમાં વધુ ૧૪ લિટી અને બાળવાર્તા - ૧૫૦૦ શબ્દોની રહેશે. સ્પર્ધકે પોતાની કૃતિની બે નકલ મોકલવી ફરજિયાત છે. કૃતિને શિર્ષક આપવું જરૂરી છે. પરંતુ કૃતિ પર લેખકે પોતાનું નામ લખવું નહીં. કૃતિનું શીર્ષક, નામ, સરનામું, ટેલીફોન નંબર વિગેરે અલાયદા કાગળ પર લખીને તા. ૩૧મી જુલાઈ, ૨૦૧૮ સુધીમાં નાનપુરા, સુરત - ૩૯૫૦૦૧ ખાતે મોકલવાની રહેશે.

● નિખાલસતા, નીડરતા અને નિષ્પક્ષપણું જેવા ઉત્તમ ગુણોના અધિષ્ઠાતા, કુમારચંદ્રક વિજેતા, ગુજરાતી ભાષાના હાસ્ય સાહિત્યના ગરવા ગુરુ શિખર સમા - શિરમોર - પ્રખર ચિંતક અને મર્મજ્ઞ, ગુજરાતી સાહિત્યનો અમોલ હાસ્ય ખજાનાની ભેટ ધરનાર હાસ્યસર્જક વિનોદ ભટ્ટનું ૨૩મી મે, ૨૦૧૮ના રોજ ૮૦ વર્ષની વયે નિધન થતાં, હાસ્ય સર્જકમાં સૂનકાર છવાઈ ગયો છે - ખાલીપો સર્જાયો છે અને ગુજરાતી સાહિત્યનું હાસ્ય જાણે વિલાઈ ગયું હોય તેમ, સમાજને ઘણી મોટી ખોટ પડી છે. આ સદગતના પુણ્યાત્માને કોટિ કોટિ વંદન.

● તા. ૨૩મી માર્ચ, ૨૦૧૮ના રોજ, બોરિયા સીતવાડા સનાતન આશ્રમ ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર પ્રેરિત એક સાહિત્યકાર સંમેલન યોજાઈ ગયું. જેમાં તે વિસ્તારના જાણીતા સાહિત્યકારો પ્રતાપસિંહ રાઠોડ, પ્રેમજીભાઈ પટેલ તથા કલ્પેશ પટેલે પોતપોતાના ખેડેલા સ્વરુપોમાં ભાવકોને રસતરબોળ અને રમમાણ કર્યા હતા. સ્થાનિક સંયોજક તરીકે ડૉ. બલભદ્રસિંહ રાઠોડ તથા વસંતરાયજી મહારાજે કામગીરી બજાવી હતી.

● વિનોદ વ્યાસ, 'જટાયુ' લિખિત પુસ્તક 'સેતુ સંવાદિતા'નો વિમોચન અને લોકાર્પણ સમારોહ તા. ૧૪મી મે ૨૦૧૮ના રોજ, ગુજરાતી સાહિત્ય પરિષદ ભવન, અમદાવાદ ખાતે, જાણીતા નવલકથાકાર - વાર્તાકાર અને મૂર્ધન્ય સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને અને શ્રીમતી ગીતાબેન સોલંકીના અતિથિવિષે તરીકેની ઉપસ્થિતિમાં તથા જાણીતા પત્રકાર અને 'સંવેદના સમાજ' મેગેઝિનના પ્રકાશક - સાહિત્યકાર - કવી નિરવ પટેલ તથા પ્રા. કૌશિક ઠાકરની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. આ કાર્યક્રમની શરુઆત લેખકની પુત્રી આનલના સ્વાગતગીતથી કરવામાં આવી હતી. પુસ્તક વિશે ડૉ. કેશુભાઈ દેસાઈએ મનનીય પ્રવચન આપ્યું હતું. આભારવિધિ કિરીટ બેન્કરે કરી હતી. લેખક વિનોદ વ્યાસ, 'જટાયુ' એ, તેમની કેફિયતમાં જણાવ્યું હતું કે, આ પુસ્તકનો મુખ્યહેતુ 'દલિત - સવર્ણ સંવાદિતા' છે, લેખકનો ખૂબ ખૂબ અભિનંદન સહ શુભકામનાઓ.

muljibhaidadhi@gmail.com